

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*વિકાસની વાછંટ રહે ન પાડાની પીઠ પર !*
*'પ્રમાણિકતા' ટકશે નહીં પાડાની પીઠ પર !*
*જાડી ચામડી છે, કૌભાંડો, કદી અટકશે નહીં -*
*'સેવા'ના શબ્દો ટકશે નહીં, પાડાની પીઠ પર...*

### હાઈકુ

*મતોની માર,*
*પડી છે બેસૂમાર -*
*પાડાની પીઠે...*

*પાંચ વરસે,*
*લ્યો ! નવાં નાક સાથે -*
*ફરી દિવાળી...*

### ચિંતન

*સતો ભિન્નમભિન્નં વા ન દીપસ્ય પ્રભા યથા ।*
*ન સાવયવમન્દદ્વા બીજસ્યાં કુરવત્કવચિત્ ॥*

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જેમ દીવાની કાંતિ દીવાથી ભિન્ન અથવા અભિન્ન નથી, તેમ એ અજ્ઞાન બ્રહ્મથી ભિન્ન જુદું અથવા અભિન્ન નહીં જુદું નથી, બીજના અંકુરની જેમ તે અવયવવાળું અથવા અવયવરહિત કયાંયે નથી.

'બ્રહ્મ' એ જ જ્ઞાન પણ છે અને અજ્ઞાન પણ છે અને ભિન્ન સ્વરુપે જે જોઈ શકે એ દિવ્યદૃષ્ટિ છે. દીવાની જ્યોત (વાટ) અને પ્રકાશ ભલે અલગ છે. પણ છતાં ભિન્ન નથી.

'બ્રહ્મ' સર્વ છે, સર્વત્ર છે એક જ છે અનંત છે આકાર પણ છે નિરાકાર પણ છે.

### સુવિચાર

- યહ તન વિષ કી બેલરી, ગુરુ અમૃત કી ખાન। સિર દીજે સદ્ગુરુ મિલે, તો ભી સસ્તા જાન॥ - **કબીર**
- યોગ, યુક્તિ, તપ અને મંત્ર આ ચારેય હંમેશા ગુપ્ત રાખો, તો સફળતા મળશે - **નીતિશાસ્ત્ર**
- વિષયનું ચિંતન વિનાશનો પાયો છે, પ્રભુચિંતન વિકાસનો પાયો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વિકાસ માટે પ્રત્યેક પ્રજાનું પોતાનું આગવું વ્યક્તિત્વ હોવું જરૂરી છે,
  જો વ્યક્તિત્વ જ ન હોય તો સોનાની ખાણ ઉપર બેસાડો તો પણ વિકાસ ન થાય - **સ્વામી સચ્ચિદાનંદ**
- પૈસા કમાવા માટેના અનેક વિકલ્પ હોઈ શકે છે પણ સ્વર્ગમાં જવા માટે માત્ર એક,
  'સારા કામો કરવા' - **સંત રોબિન**
- પોતાના જીવનમાં પરિવર્તન માટે માત્ર એક વ્યક્તિની જરૂર હોય છે અને તે છે તમે પોતે - **ડો. બ્રેયર્લી**
- આજનું ઔષધ : ચપટી કાથાનો પાઉડર મેથીની ભાજીના રસમાં મેળવી સવાર-સાંજ પીવાથી બહુમૂત્ર રોગ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ભાઈ નિયમિત રીતે સત્સંગ સભામાં જતા. તેમના પડોશી મિત્રને આવુ બધું પસંદ ન હતું. એકવાર બંને જણા રસ્તામાં ભેગા થઈ ગયા. પડોશીએ પૂછ્યું, 'તમે છેલ્લા પાંચેક વર્ષથી નિયમિત સત્સંગમાં જાઓ છો. તેમાં થતી વાતો તમને કેટલી યાદ છે?' સત્સંગી મિત્રએ કહ્યું, 'મને એમાનું કંઈ જ યાદ નથી.' પડોશીએ હસતાં હસતાં કહ્યું, 'તને કંઈ જ યાદ નથી તો પછી આવા સત્સંગમાં જઈને તે કર્યું શું ?' સત્સંગી મિત્રએ કહ્યું, 'ભાઈ હું તમને તમારા પ્રશ્નનો જવાબ આપું તે પહેલા મને એક પ્રશ્નનો જવાબ આપો જેના આધારે હું તમને જવાબ આપું છું.' પડોશી મિત્રએ કહ્યું, 'ખુશીથી પૂછો.' સત્સંગી મિત્રએ કહ્યું, 'આપના લગ્નને કેટલો સમય થયો ?' પડોશીએ કહ્યું, 'મારા લગ્નને ૧૦ વર્ષ થયા છે.' સત્સંગી મિત્રએ કહ્યું, 'આ દસ વર્ષ દરમિયાન ભાભીએ તને જાત-જાતની વાનગી રસોઈ કરીને જમાડી છે એમાંથી કેટલી યાદ છે?' પડોશીએ કહ્યું, 'અરે ભાઈ, રસોઈ થોડી યાદ રહે એ તો ખાઈએ શરીરને પોષણ મળે, શારીરિક તંદુરસ્તી માટે જમવાનું હોય એ યાદ રહે કે ન રહે તેનાથી શું ફેર પડે ??' સત્સંગી મિત્રએ કહ્યું, 'ભાઈ. આ દસ વર્ષમાં ઘરે બનાવેલી રસોઈ કે તે પહેલા તમારા માતાએ બનાવેલી વાનગી યાદ રહી કે નહીં તે મહત્ત્વનું નથી. શરીરના પોષણ માટે નિયમિત ખોરાક લેવો જરૂરી છે. તેવી જ રીતે આત્માના પોષણ માટે નિયમિત રીતે સારી વ્યક્તિ કે સારા વિચારોનો સંગ પણ જરૂરી છે. આપણને ભલે એ વિચારો યાદ રહે કે ન રહે, પણ એ વિચારો મન ને કેળવવાનું કામ ચોક્કસ કરે છે.' પડોશી મિત્ર ને સત્સંગી મિત્રની વાત સમજાઈ ગઈ.

# વીવીપેટ સ્લિપો વિશેની માગણી યોગ્ય છે

**તંત્રીસ્થાનેથી...**

ચૂંટણી પંચ વિશે સતત શંકાશીલ રહેતા ચંદ્રાબાબુ નાયડુ જેવા વિપક્ષી નેતાઓ ઈવીએમ મશીનોને બદલે પરંપરાગત મતપત્ર દ્વારા વોટિંગ કરાવવાની માગણી કરતા રહ્યા અને વિકસિત દેશોમાં પણ બેલોટ પેપર પદ્ધતિ જ અપનાવાઈ રહી હોવાનાં પ્રમાણ રજૂ કરતા રહ્યા, પરંતુ ભારતના ચૂંટણીપંચે દાદ ન આપી એટલું જ નહીં, એમની એક પણ વાતને ગંભીરતાપૂર્વક ન જ લીધી. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તો જાહેરમાં ઈવીએમ મશીનમાં કેવી ગરબડ થઈ શકે એનું નિદર્શન કરી બતાવ્યું હતું. ટેકનોલોજીનો ગેરલાભ લઈ સત્તાધારી પાર્ટી જરૂર પડ્યે આવા હથકંડા અપનાવી શકે છે. જો કે થોડા મહિલાઓ અગાઉ સંપન્ન થયેલ કેટલાંક રાજયોની વિધાનસભાની ચૂંટણીમાં સત્તાધારી પાર્ટી બૂરી રીતે હારી ગઈ હતી એ પરથી આવી ગરબડ કરીને ચૂંટણી જીતી લેવાના કારસા તથા હોવાના વિપક્ષી આક્ષેપો તથ્યહીન પણ લાગે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે જયારે પણ વિપક્ષના ઈવીએમ સંદર્ભે થતા રહેલા આક્ષેપોનો જવાબ આપવામાં આ મુદ્દાનો હવાલો આપી વિપક્ષોને ભોંઠા પાડ્યા છે. પરંતુ સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા નિવૃત્ત ડીઆઈજી દેકાનું નિવેદન આંખ ઉઘાડનારું છે. એમણે પ્રિસાઈડીંગ ઓફિસરને સ્પષ્ટ જણાવ્યું કે મેં જે ઉમેદવારને વોટ આપ્યો એથી તદ્દન જુદું જ નામ વીવીપેટ બતાવે છે. મતલબ કે આયોજનપૂર્વક કોઈ ખાસ રાજકીય પક્ષને જિતાડવા માટેનું કારસ્તાન રચાયું છે. પ્રિસાઈડીંગ ઓફિસરે તો ચૂંટણીપંચના કાયદા કાનૂન મુજબનું ફોર્મ ભરવાનું કહ્યું જેમાં ટેસ્ટ કેસ કરતાં ખોટું નીકળે તો દસ હજાર રૂપિયાના દંડ અને છ મહિનાની સજાની જોગવાઈ છે. દેકાએ આસામમાં વોટિંગ કરતાં આ નિવેદન આપ્યું છે. તેઓએ કહ્યું કે દંડ અને જેલની સજાથી ડરીને મેં ટેસ્ટ કેમ કરવાનું જોખમ ના ખેડ્યું. જો દેકા જેવા સાહિત્યકાર અને ડીઆઈજી કક્ષાના નિવૃત્ત અધિકારીને આવો ડર લાગતો હોય તો સ્વાભાવિક છે કે સામાન્ય મતદાર એવી હિંમત ન જ કરી શકે. ચૂંટણીપંચ કોઈ પણ સંજોગોમાં એની તથાકથિત ફુલપ્રૂફ વ્યવસ્થા વિશેની ટીકાટિપ્પણી સાંખી લેવા તૈયાર નથી. એથી નાછૂટકે ચંદ્રાબાબુ નાયડુએ સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા છે. સુપ્રીમ કોર્ટ કેવું વલણ અપનાવશે તે અકળ બાબત છે. જસ્ટિસ ગોગોઈ જેવા મુખ્ય ન્યાયમૂર્તિ આજકાલ ભારે માનસિક ટેન્શન અનુભવી રહ્યા છે. એમને બદનામ કરી ખુરશી પર ફરજિયાત ઊતરી જવું પડે એવી સ્થિતિ રાજકારણીઓએ જ સર્જી હોવી જોઈએ - એટલું તો એમનાં વિધાનો પરથી બિટવિન ધિ લાઈન્સ સમજી શકાય છે. આ સત્તા એવી લોભામણી ચીજ છે કે એને છોડવા કરતાં નેતાઓ કદાચ મરવાનું પસંદ કરે. સત્તાની સાઠમારીમાં રાજા-બાદશાહોના શાસનકાળમાં સગા બાપ અને મા જણ્યા ભાઈની ગરદન જુદી કરતાં સત્તાકાંક્ષી રાજકુમાર કે શાહજાદાને સંકોચ નહોતો થતો. લોકશાહીમાં આખરે વોટનાં ગણિત માંડીને છેલ્લે તો સત્તા જ ભોગવવાનું લક્ષ્ય હોય છે. બંધારણ તો પોથી બનીને રહી ગયું છે. જેમ ન્યાયાલયોમાં ગીતા-કુરાન કે બાઈબલના જૂઠેજૂઠા સોગંધ ખાતાં કોઈ અચકાતું નથી. એ જ રીતે બંધારણને ધર્મગ્રંથ કરતાં ચડિયાતું કહેનારા એના અમલથી જોજનો દૂર રહી પોતાનો સ્વાર્થ સાધતા રહે છે. ગાંધીજી કે આંબેડકર આવી ઈવીએમ બ્રાન્ડ ચૂંટણીઓનું હરગિજ સમર્થન ન જ કરત. સમય બળવાન છે.

# અનીતિ આચરે, એ રાક્ષસ !



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

જટાયુ અરુણ અને શર્યનીના પુત્ર હતા. દિવ્યતા એના વારસામાં હતી. અરુણ ભગવાન સૂર્યના સારથિ હતા.

જટાયુ હવે વૃદ્ધ થયા હતા. વનના પક્ષી સામ્રાજયના એ અધિપતિ હતા. પ્રશાસનનો અને દીર્ઘકાલીન અનુભવ હતો. પોતે વેદ અને ધર્મશાસ્ત્ર ભણ્યા હતા.

એકવાર સવારમાં કોઈક સ્ત્રીની ચીસ સાંભળીને એની ઊંઘ ઊડી ગઈ. આકાશમાં રથ પસાર થતો હતો. એ ઓળખી ગયો. રાવણ કોઈક સ્ત્રીને ઉપાડીને જઈ રહ્યો હતો. સ્ત્રીએ કહ્યું, 'પક્ષીરાજ ! તમે આ રાવણનો સામનો ન કરતા. એ મારી નાખશે. અહીંથી રામ પસાર થાય તો તમે એમને કહેજો. તમારી ગેરહાજરીમાં રાવણ પરાણે બળજબરીથી ઉપાડી ગયો છે.' જટાયુને આઘાત લાગ્યો - 'અરે ! આ તો મારી પુત્રવધુ છે. આના સ્વર્ગસ્થ સસરા દશરથ મારા પરમ મિત્ર હતા.'

એણે રાવણને પડકાર્યો - 'આને છોડી મૂક. રથમાંથી ઉતારી દે. હું તારથી ઉંમરમાં, જ્ઞાનમાં, પ્રશાસનના અનુભવમાં - બધી રીતે ેટો છું. મારું માન. આ અનીતિ છે. આ રીતે પરસ્ત્રીનું અપહરણ ન થાય. તારા આ શાસ્ત્રો અને અસ્ત્રો શેના માટે છે? જુલમીઓથી નિર્બળના રક્ષણ માટે છે. તું પોતે નિર્બળ સામે જુલમ કરે છે ?'

રાવણે ઘમંડથી અટ્ટહાસ્ય કર્યું. જટાયુ એ ચેટવણી આપી. - 'હું પ્રાણ આપી દઈશ. પણ તને આગળ વધવા નહિ દઉં.'

રાવણ એના ઉપર બાણ છોડવા માંડ્યો. જટાયુ ઝડપથી એના માથે ચડી બેઠા. પગના અણિયાળા નખોથી એની પીઠમાં અને હાથ ઉપર ચીરા પાડવા મંડ્યા. રાવણને બળતરા થવા માંડી. ચાંચ, નખ અને પાંક જટાયુના હથિયારો હતા. એણે રથનું છત્ર ઉડાડી નાખ્યું. છત્રભંગ રાજાનું ઘોર અપમાન ગણાય. એણે રાવણનું ધનુષ્ય છીનવી લીધું. બાણનો ભાથો ખેંચી કાઢ્યો. રથના અશ્વોને મારી નાખ્યા. પાંખોના ઝપાટાથી અને ચાંચની અણીથી રથના ટૂકડે ટૂકડા કરી નાખ્યા. રાવણને જે દિવ્યરથનું અભિયાન હતું, એ નાશ પામી ગયો.

જયારે અટ્ટહાસ્ય કર્યું હતું, ત્યારે રાવણને આ ગીધરાજના પરાક્રમની કલ્પના પણ ન હતી. એ ભયભીત થઈને સીતાને લઈને આકાશમાં જવા લાગ્યો. જટાયુએ એનો માર્ગ રોકી લીધો. અને ફરીથી ચેતવ્યો. 'અને મૂકી દે. તારું મોત નિશ્ચિત છે.' છતાં રાવણ જવા લાગ્યો. એટલે જટાયુએ એને વાળથી ખેંચીને જમીન ઉપર પાડ્યો.

રાવણ ઊભો થયો. દ્વંદ્વયુદ્ધને અંતે જટાયુ થાકી ગયો. હવે આનો ગેરલાભ રાવણે લીધો. તલવારથી એની બંને પાંખો કાપી નાખી. અનીતિ આચરે, એ રાક્ષસ. જટાયુ નિઃશસ્ત્ર હતા. એના ઉપર રાવણે તલવાર ચલાવાય જ નહિ. હવે જટાયુ મરણ પામે તેમ હતા. સીતાએ જટાયુનું મસ્તક ખોળામાં લીધું અને સ્વજન માટે કલ્પાન્ત કર્યું.

રાવણ સીતાને લઈને આકાશ માર્ગે જવા લાગ્યો. સીતાએ કહ્યું, 'તું તો કાયર છો. મને એકલી પાડીને ઉપાડી છે. સાચા પરાક્રમી તો આ જટાયુ છે. હું કાયમ માટે રામની જ છું અને રહેવાની છું. એ તને શોધીને મારી નાખશે.' જટાયુને હવે તેઓ દેખાતા બંધ થયા.

રામ અને લક્ષ્મણ પર્ણકુટિમાં પાછા ફર્યા. સીતાને ન જોઈને એમને આશ્ચર્ય સાથે આઘાત લાગ્યો. તેઓ સીતાની શોધમાં ગોદાવરી નદીને કિનારે આવ્યા. અહીં એમણે ભૂમિ ઉપર પડેલા પક્ષીને જોયું. રામને લાગ્યું - 'આ માયાવી રાક્ષસ છે. આણે સીતાને ગ્રસી લીધી છે.' એણે શરસંધાન કર્યું.

જટાયુએ કહ્યું, - વત્સ રામ ! તું બાણ નહિ ચલાવે તો પણ હું મરવાનો જ છું.' રામ પાસે આવ્યા અને ઓળખી ગયા. 'આ તો તાત જટાયુ છે.' બંને જણાએ જટાયુને પ્રણામ કર્યા. જટાયુએ ત્રુટક ત્રુટક અવાજે માહિતી આપી. 'રાવણ પરાણે બળજબરીથી સીતાને ઉપાડીને દક્ષિણમાં ગયો. મેં એને બરોબરનું યુદ્ધ આપ્યું છે.' જટાયુએ વેરેલા સર્વનાશને જોઈને ભાઈઓને ખ્યાલ આવી ગયો. બંને ભાઈઓરડવા લાગ્યા. રામના હાથોમાં જટાયુએ પ્રાણ મૂક્યા. પોતાના પિતાની જેમ, જટાયુના અંતિમ સંસ્કાર રામે લક્ષ્મણની સાથે રાખીને કર્યા.

# રાષ્ટ્રીય રમત-ગમત દિવસ કયારે ઉજવાય છે?



## ખજાનો

અનિલ પટેલ

### રમતજગત

૧ ઓસ્ટ્રેલિયાની રાષ્ટ્રીય રમત કઈ છે ?
(અ) ફૂટબોલ (બ) ક્રિકેટ
(ક) વોલીબોલ (ડ) ટેનિસ

૨ દક્ષેશ સ્વર્ણકપ કઈ રમત માટે અપાય છે ?
(અ) ફૂટબોલ (બ) ક્રિકેટ
(ક) બેડમિન્ટન (ડ) હોકી

૩ ક્રિકેટ માટેનું જાણીતું બંગબંધુ સ્ટેડિયમ કયાં આવેલું છે ?
(અ) કોલકાત્તા (બ) ફરિયાબાદ
(ક) લખનૌ (ડ) ઢાકા

૪ ક્રિકેટ માટેનું શાહજહાં સ્ટેડિયમ કયાં આવેલું છે?
(અ) કુવૈત (બ) દોહા
(ક) યુ.એ.ઈ. (ડ) તહેરાન

૫ જાણીતા ખેલાડી ઈગ્નેશ ટર્કી કઈ રમત સાથે સંકળાયેલા છે?
(અ) કબડ્ડી (બ) ક્રિકેટ
(ક) હોકી (ડ) ગોલ્ફ

૬ નીચેના કયા ખેલાડી હોકી રમત સાથે સંકળાયેલા છે?
(અ) શાંતારામ જાદવ (બ) ઉધમસિંહ
(ક) વિશ્વનાથ આનંદ (ડ) સોમદેવ બર્મન

૭ અભિનય બિન્દ્રા કઈ રમતના ખેલાડી છે ?
(અ) શૂટીંગ (બ) ટેનિસ
(ક) બોક્સિંગ (ડ) તરણ

૮ નીચેનામાંથી કયા ખેલાડી તરણ (સ્વીમીંગ) સાથે સંબંધીત નથી ?
(અ) લજ્જા ગોસ્વામી (બ) બુલા ચૌધરી
(ક) આરતી સહાનુ (ડ) વીર ધવલ ખાડે

૯ સોમદેવ બર્મન કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) કબડ્ડી (બ) ક્રિકેટ
(ક) હોકી (ડ) ટેબલ ટેનિસ

૧૦ નીચેનામાંથી કયા ખેલાડી કુશ્તી માટે જાણીતા છે ?
(અ) ગગનજીત ભલ્લુટ (બ) યોગેશ્વર દત્ત
(ક) રોહન બોપન્ના (ડ) ગગન નારંગ

૧૧ દીપા કુમારી કઈ રમતના ખેલાડી હતા ?
(અ) તીરંદાજી (બ) શૂટીંગ
(ક) ટ્રીપલ જંપ (ડ) બિલીયર્ડઝ

૧૨ નીચેનામાંથી કયા ખેલાડી દોડ માટે જાણીતા હતા ?
(અ) પી.ટી. ઉષા (બ) સંધ્યા રાણી
(ક) બુલા ચૌધરી (ડ) ડીકી કોલમા

૧૩ ઓલિમ્પિકનું પીયર કયો દેશ ગણાય છે ?
(અ) ફ્રાન્સ (બ) ઈટલી
(ક) ગ્રીસ (ડ) પોર્ટુગલ

૧૪ સૌ પ્રથમ ઓલિમ્પિક કયાં યોજાઈ હતી ?
(અ) એથેન્સ (બ) પિયર ડી કુર્બતન
(ક) રોમ (ડ) જીનિવા

૧૫ રાષ્ટ્રીય રમત-ગમત દિવસ કયારે ઉજવાય છે ?
(અ) ૨૪ એપ્રિલ (બ) ૨૯ ઓગસ્ટ
(ક) ૩૦ એપ્રિલ (ડ) ૧૨ ઓગસ્ટ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨૬ એપ્રિલ :**
  - ભારતના મહાન ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનું નિધન (૧૯૨૦)
  - સાહિત્યકાર અને વિવેચક હસિત બૂચની જન્મજયંતિ (૧૯૨૧)
  - અમેરિકન રોકેટ પહેલીવાર ચંદ્ર પર ઉતર્યું (૧૯૬૨)
  - બંગાલી અભિનેત્રી મોસમી ચેટરજીનો જન્મદિવસ (૧૯૫૩)
- **૨૭ એપ્રિલ :**
  - પ્રખર ગાંધીવાદી અને ગૌ સંવર્ધક ડૉ. મણીભાઈ દેસાઈનો જન્મદિવસ (૧૯૨૦)
  - વીસ જેટલી ભાષાઓના જાણકાર સંસ્કૃતના ગ્રંથોને અંગ્રેજીમાં ઉતારનાર વિલિયમ જોન્સનું નિધન (૧૯૯૪)
  - એકટર-પ્રોડ્યુસર ફિરોઝખાનનું નિધન (૨૦૦૯)
  - બીજા વિશઅવ યુદ્ધમાં હિટલરની ફોઝને અટકાવવા રશિયા-અમેરિકાએ હાથ મિલાવ્યા (૧૯૪૫)
- **૨૮ એપ્રિલ :**
  - પ્રખર અર્થશાસ્ત્રી અને સાહિત્યકાર ગગનવિહારી મહેતાનું નિધન (૧૯૭૪)
  - ઈટલીના સરમુખત્યાર બેનીટો મુસોલીનનું નિધન (૧૯૪૫)
  - હોલીવુડની સ્પેનિશ બ્યુટી પેનલોન - ક્રુઝનો જન્મ (૧૯૭૪)
- **૨૯ એપ્રિલ : વિશ્વ નૃત્ય દિવસ**
  - મહાન ચિત્રકાર શ્રી રવિ વર્માનો જન્મદિવસ (૧૯૪૮)
  - કાપડ ઉદ્યોગની શરુઆત કરનાર અને ૧૪ વર્ષ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે સેવા આવનાર રણછોડલાલનો જન્મદિવસ (૧૮૨૩)
  - ઝુબીન મહેતાની જન્મજયંતિ (૧૯૩૬)
  - ભૂતપૂર્વ નંબર વન ટેનિસ ખેલાડી આંદ્રે અગાસીનો જન્મ (૧૯૭૦)
  - બ્રિટનની રાણીનો મહેલ બર્કિંગહામ પેલેસ સામાન્ય લોકો માટે ખોલવામાં આવ્યો (૧૯૯૩)
- **૩૦મી એપ્રિલ : બાળ મજૂરી વિરોધી દિવસ**
  - ભારતીય ચલચિત્ર ઉદ્યોગના પિતામહ દાદા સાહેબ ફાળકેનો જન્મદિન (૧૮૭૦)
  - સાહિત્યકાર મોહનભાઈ પટેલનો જન્મદિવસ (૧૯૨૭)
  - ક્રિકેટર રોહિત શર્માનો જન્મદિવસ (૧૯૮૭)
  - આનંદમયી માની જન્મજયંતિ (૧૮૯૬)
  - સ્પાઈડર મેનની પ્રેમિકા મેરી જેનનો જન્મદિવસ (૧૯૮૨)
- **૧ મે : ગુજરાત સ્થાપના દિવસ**
  - હિન્દી ફિલ્મોના અભિનેતા બલરાજ સાહનીનો જન્મદિવસ (૧૯૧૩)
  - મુંબઈ રાજયમાંથી મહારાષ્ટ્ર અને ગુજરાત રાજય બન્યા (૧૯૬૦)
  - મહાન વૈજ્ઞાનિક ડેવિડ લિવિંગ્સ્ટનનું નિધન (૧૮૭૩)
  - જર્મનીના સરમુખત્યાર હિટલરનું અવસાન (૧૯૪૫)
- **૨ મે :**
  - કલાત્મક ફિલ્મોના પિતામહ સત્યજીત રહેનો જન્મદિવસ (૧૯૨૧)
  - વેસ્ટ ઈન્ડિઝ ટીમના પૂર્વ કપ્તાન બ્રાયન લારાનો જન્મદિવસ (૧૯૬૯)
  - મહાન ચિત્રકાર અને વૈજ્ઞાનિક લિયો-નાર્દોદ વિન્સીનું નિધન (૧૫૧૯)
  - બ્રિટનના પૂર્વ સેલીબ્રેટી ફૂટબોલર બેકહેમનો જન્મદિવસ (૧૯૭૫)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સીપીઆઈની ટિકીટ પર કનૈયાકુમાર કયા મતક્ષેત્રમાંથી લડી રહ્યા છે ?**

**જવાબ : બેગુસરાઈ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭બી (૪) હાર્દિક આર મકવાણા : સે-૨૪ (૫) રૂચિત એ. પટેલ : ગાયત્રી રેસી. ધોળેશ્વર પાસે (૬) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૮) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં દિલ્હીના ભાજપના કયા દલિત નેતા અને સંસદ ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયા ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# મોર્નિંગ વોકનાં લેખાંજોખાં





## હળવે હૈયે

પ્રકાશ લાલા

જાત જાતના ચાલનારાઓને સવારે સવારે નિહાળવાની પણ પણ એ મજા છે, હોં. કેવા કેવા પ્રકારના ચાલનારા હોય છે ? કેટલાક 'એકલવીર' ચાલનારા છે.... ઊઠીને - તૈયર થઈને એકલા જ નીકળી પડનારા, તો કેટલાક 'સેવાપ્રિય' બોકર્સી હોય છે... અડોશી-પડોશી, મિત્રોને ભેગા કરીને 'ટોળું' જમાવીને જ ચાલવામાં એમને આનંદ આવે છે. અમુક ચાલનારા 'લોકલ ટ્રેઈન' જેવા જોવા મળે છે.... જે ધીરે ધીરે - ટહેલતા - ટહેલતા જાણે 'અભીં ઘરે પાછા જવાની ઉતાવળ કોને છે ?' માનીને ચાલનારા ! એવી ધીમી ગતિના ચમાચાર જેવા કે પાછળ આવનારે એને 'ઑવર ટાઈમ' કરીને જ આગળ વધવું રહ્યું...

કેટલાક ચાલનારા 'સુપર ફાસ્ટ' કે 'ડબલ એક્સપ્રેસ' હોય છે.... ફૂટપાથ પર એમની અડફેટે ના ચઢી જવાય એનું ધ્યાન બીજા 'વોકર્સ' રાખવું પડે નહીં તો પેલો 'સુપર ફાસ્ટ' એને પાડી દે એ નક્કી... 'કલલ વોકર્સ' માં હસબન્ડ વાઈફ પણ હોયને બે મિત્રો પણ હોય.... વળી પેલા પ્રિય વોકર્સ વોકિંગ કમ ન ટોકિંગ જયાદા જેવા હોય છે... એ લોકો ચાલતાં ચાલતાં તો ચર્ચાઓ એમની ચાલુ જ હોવાની પણ પછી કયાંક બેસીને, ટી.વી.ના 'ગ્રુપ ટોક શૉ' માફક સમૂહમાં શૅરબજાર, ઓફિસ, ક્રિકેટ, કૌભાંડ, રાજકારણ, ઈલેકશન એમ જગતભરની ચર્ચાઅમો કરવી એમનો 'હિડન એજન્ડા' હોય છે.

જેમ જુદા જુદા પર્વતોમાંથી વહી આવતી નદીઓ છેલ્લે સાગરમાં જઈ મળે છે. બસ, એમ જ જુદા જુદા સેકટર્સ, બંગલા, એપાર્ટમેન્ટમાંથી નીકળેલા 'વોકર્સ' છેલ્લે કોઈ આવી લારીએ કે ગલ્લે ભેગા મળે છે... અરે, ઘણા 'વોકિંગ ગ્રુપ'માં તો 'વોકિંગ' અને 'ટોકિંગ' ના સમાપને આવીને પ્રસંગોપાત ગાંઠિયા - ગોટાની પાર્ટી સાથે છૂટા પડવાનો રિવાજ છે. અને આ 'વોકિંગ ગ્રુપ'માં ચાલવામાં નહીં પણ છેલ્લે 'ટી ટાઈમ' પર જોડાનારા સભ્યો પણ પડ્યા છે.

'મોર્નિંગ વોક'ની વાત થાય છે તો તેની સાથે સંકળાયેલી રમૂજો જોઈએ... એક ભાઈ સવારના પોરમાં પોતાના કૂતરા સાથે નીકળ્યા. સામે મળેલા એમના ફ્રેન્ડે પૂછ્યું : 'ગુડ મોર્નિંગમાં આ ગધેડાને લઈને કયાં નીકળ્યો ?' પેલા ભાઈ ગુસ્સે થઈ ગયા; 'દેખાતું નથી ? આટલો સરસ આલ્સેશિયન ડોગ છે ને પૂછે છે ગધેડો લઈને કયાં નીકળ્યો ?' મિત્રએ ઠંડકથી કહ્યું : 'મેં તો આ ડૉગને જ પૂછ્યું હતું!!'

હમણાં 'વોટ્સ એપ' પર ફરતો થયેલો જોક છે જો કે હેલ્થ માટે ચાલે તે 'મોર્નિંગ વોક', ડૉકટરની ચેતવણી પછી ચલાય તે 'વોર્નિંગ વોક', ને પત્નીના કહેવાથી નીકળે તે 'ડાર્લિંગ વોક' ... પણ અમે નોંધ્યું એક નવીન વોક તે 'ડૉગ વોક'. મતલબ પામેલા 'ડોગી' ને સવાર સવારમાં હવાફેર કરાવવવા જેમને નીકળવું પડે છે તે 'વોકિંગ.' ઘરનાં સ્વચ્છતા ને પર્યાવરણ જાળવવા, વહાલા ડોગી - પપ્પીનો પટ્ટો પકડી સવારે ગૃહત્યાગ કરનારા છે આ 'ડોગ વોકર્સ' ઘણા એવા છે જે ચાલવા નીકળે ત્યારે લોટનું પડીકું લઈને નીકળે, 'વોકિંગનું વોકીંગ' ને કીડીયારા પૂરવાનું પુણ્યકામ થઈ જાય... એક પંથ દો કાજ...

આ બધા 'મોર્નિંગ વોક' પર નીકળનારાઓના ઈરાદા પણ અલગ અલગ હોય છે... દરેકનો હેતુફેર હોય છે. કોઈ તનની દુરસ્તી કહેતાં તંદુરસ્તી કાજે ચાલે છે... ઘણા સવારનું વાતાવરણ - કુદરતી સૌંદર્ય માણવા નીકળનારા છે તો ઘણા સ્માર્ટ સવાર સવારમાં ગૃહિણી ઘરનાં કામ ના સોંપી દે એટલે એનાથી બચવા 'વોકિંગ ઈઝ ધી બેસ્ટ એક્સરસાઈઝ, શેહત કે લિએ જરૂરી હૈ' કહીને છટકી જાય છે... ઘણી બહેનોય 'ચાલીશ નહીં તો પગ જકડાઈ જશે... વજન વધી જશે... શરીર રોગનું ઘર બની જશે.' કહીને વહુવારુઓને શિરે મોર્નિંગ હોય ડ્યૂટી નાખી મોર્નિંગ વોક પર જતી હોય છે.. કોઈને મિત્રો સાથે ગપાટા મારવાનું ને લટકામાં ચાની ચુસ્કીનું આકર્ષણ ચાલવા ખેંચી લાવે છે... એ તો ભાઈ, તુંડે તુંડે મતિઃ ભિન્ના...

શું કહ્યું ? અમે કયા મકસદથી 'મોર્નિંગ વૉક' કરવા જઈએ છીએ ? વેરી સીમ્પલ આવું બધું ઓબ્ઝર્વ કરવાસ્તો...!!